# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦૦/૧૮૯૮ તા.૧૧/૦૫/૨૦૨૦

## પરિપત્ર : ૨૦૫૦

સંદર્ભ : (૧) આ યુનિવર્સિટીનો તા.૧૪/૦૪/૨૦૨૦ નો પરિપત્ર
(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૮/૦૫/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, તમામ અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની સુચના અનુસાર સંદર્ભ-૧ માં દર્શાવેલ પરિપત્રથી યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી વેકેશન જાહેર કરવામાં આવેલ હતું. પરંતુ સંદર્ભ-૨ માં દર્શાવેલ પરિપત્ર અનુસાર શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની મહામારીની પરિસ્થિતિ ધ્યાને લઈ સરકારી યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ માટે વેકેશન **તા.૨૦/૦૬/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.** તે અનુસાર આપને કાર્યવાહી/અમલવારી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની વિવિધ પરીક્ષાઓ યોજવા અંગે તેમજ નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અંગે રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન મળ્યા બાદ આગળની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવામાં આવશે. વૈશ્વિક મહામારીને લક્ષ્યમાં લઈ યુનિવર્સિટી/કોલેજોના તમામ કર્મચારીઓએ ટેકનોલોજીના માધ્યમથી સંસ્થાના વડા સાથે જોડાઈ રહેવા સુચના આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તે મુજબ તમામ આચાર્યશ્રીઓ/ પી.જી. ઈન્ચાર્જશ્રીઓ/ કો-ઓર્ડીનેટરશ્રીઓ/ વડાશ્રીઓ/ અધ્યાપકશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૮/૦૫/૨૦૨૦ નો પરિપત્ર

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, તમામ અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે
વેકેશન જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૫/૨૦૨૦

સંદર્ભઃ- શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૩/૦૭/૨૦૧૯ અને તા.૧૩/૦૪/૨૦૨૦ના પરિપત્રો

પરિપત્રઃ-

વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૯ ના સરખા ક્રમાંકના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે (મેડિકલ અને ફાર્મસી અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમોમાં) કોમન એકેડેમિક કેલેન્ડર અમલમાં મુકવામાં આવેલ છે. આ કેલેન્ડર મુજબ સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે તા. ૨૫/૦૪/૨૦૨૦ થી તા.૧૩/૦૬/૨૦૨૦ સુધી ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ હતું. ત્યારબાદ તા.૧૩/૦૪/૨૦૨૦ ના સમાનાંકી પરિપત્રથી તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી ( *બંને દિવસો સામેલ ગણીને* ) તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો માટે વેકેશન જાહેર કરવામાં આવેલ હતું.

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19)ની મહામારીની આકસ્મિક પરિસ્થિતિને ધ્યાને લઇને હવે આ વેકેશન તા.૨૦/૦૬/૨૦૨૦ સુધી તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો માટે લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર



- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટે.શિ.), સચિવાલય, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એડવાઈઝરશ્રી, કે.સી.જી, નવરંગપુરા, અમદાવાદ
- સીલેક્ટ ફાઇલ